# અરજી કરવા માટેની માર્ગદર્શીકા : -

- અરજીમાં અરજદારે પોતાનું અને પ્રતિવાદીઓનું પુરૂં નામ, સરનામું દર્શાવીને પચાવી પાડેલ હોવાનું કહેવાતી જમીનનો સર્વે નંબર/ગામ/શહેર/તાલુકો તેમજ જમીનની અન્ય વિગતો દર્શાવવાની રહેશે.
- નિયત અરજી સાથે જેના પર આધાર રાખ્યો છે તે જમીનને લગત તમામ સાધનિક / દસ્તાવેજી પુરાવાઓમાં દરેક પેજ પર અરજદારશ્રીએ સહી કરીને (સેલ્ફ એટેસ્ટેડ કરીને) અત્રેને મોકલી આપવાના રહેશે. અધૂરી કે અપૂરતી વિગતોસહ અરજી કરવી નહી.
- હાલના તબક્કે નિયત અરજી ફી રૂ.૨,૦૦૦/- સરકારશ્રીના નીચે મુજબના સદરે ભરપાઇ કરી અત્રેને ચલણની અસલ કોપી અરજીસહ રજૂ કરવાની રહેશે.

| | |
|---|---|
| મુખ્ય સદર | :-૦૦૨૯, |
| પેટા મુખ્ય સદર | :-૦૦, |
| ગૌણ મુખ્ય સદર | :-૧૦૪ |
| નવુ પેટા સદર | :-૦૨ |

- અરજીફોર્મમાં તમામ વિગતો સ્પષ્ટ રીતે વંચાય તેવા અક્ષરમાં લખીને/ટાઇપ કરીને જમીનની માલિકીના આધાર-પુરાવાઓ સહીત અરજી ૩ (ત્રણ) નકલમાં રૂબરૂ અથવા ટપાલ મારફત નીચેના એડ્રેસ પર મોકલી આપવી.

પ્રતિ,

જિલ્લા કલેક્ટર – બોટાદ
જમીન-૨ શાખા,
જિલ્લા સેવા સદન,
ખસ રોડ, બોટાદ

- ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક, ૨૦૨૦ વિષે વધુ માહિતી માટે નાયબ મામલતદાર, જમીન – ૨ શાખા, કલેક્ટર કચેરી, બોટાદ નો ટેલિફોનિક સંપર્ક નં.૦૨૮૪૯ – ૨૭૧૩૦૫ અથવા રૂબરૂ સંપર્ક કચેરી સમય દરમિયાન કરવાનો રહેશે.